THE EDUCATION CENTRE - AURORA

York Region DISTRICT SCHOOL BOARD
*Inspire*Learning!

60 Wellington Street West, Aurora, Ontario L4G 3H2
**Tel:** 905.722.3201 905.895.7216 905.727.3141 416.969.8131
**Fax:** 905.727.1931
**Website:** www.yrdsb.ca

જાન્યુઆરી 2019

પ્રિય પરિવારો,

**સખત ઠંડીવાળા પ્રતિકૂળ શિયાળુ હવામાન માટેની સજ્જતા**

તાજેતરનાં વર્ષોમાં, આપણે અત્યંત શિયાળુ હવામાનમાં વધારો અનુભવ્યો છે. પરિણામે, સખત ઠંડીવાળા દિવસો પર કેવો પ્રતિભાવ આપવો તે અંગે અમે સમીક્ષા કરી. એવા દુર્લભ પ્રસંગો થઈ શકે છે જેમાં અભૂતપૂર્વ શિયાળુ હવામાનના પ્રસંગો ઉભા થઈ શકે અને અમારે તમામ શાળાઓ અને બોર્ડનાં સ્થળોને બંધ કરવાની જરૂર પડી શકે.

જ્યારે વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ માટે આખો દિવસ હાજરી આપવા સુવિધાઓ સલામત ના હોય, ત્યારે તે બંધ કરવાનું વિચારાશે. જેનાથી શાળાની કાર્યવાહીઓ મર્યાદિત થઈ શકે એવી ભારે બરફવર્ષા અથવા એવું હીમ-તોફાન જેના કારણે શાળાના સ્થળે પહોંચવાનું મુશ્કેલ થતું હોય, વ્યાપક અથવા લાંબા સમય સુધી વીજળી બંધ રહેતી હોય કે વિદ્યુત પ્રવાહના વાયરો કામ ન કરી રહ્યા હોય, એવા પ્રસંગોનો તેમાં સમાવેશ તેમાં કરાશે.

અમારી અત્યારની પ્રથા અનુસાર, અમે અમારી શાળાઓ શક્ય એટલી ખુલ્લી રાખવાનું યથાવત રાખીશું. તેમ છતાં, એ અગત્યનું છે કે જ્યારે શાળાઓ બંધ રહી શકે એવા દુર્લભ પ્રસંગોએ બાળકોની સંભાળ લેવાની વૈકલ્પિક વ્યવસ્થાઓનું આયોજન પરિવારોએ કરી રાખવું ઘટે. જો શાળાઓ બંધ હશે તો અગાઉ અને બાદમાં સંભાળ લેવાના કાર્યક્રમો પણ ચાલતા નહીં હોય. તમે સમય કાઢીને કૃપયા એ સુનિશ્ચિત કરશો કે શાળા બંધ રહેવાના આપાત્કાલિન પ્રસંગનું આયોજન કરી રાખ્યું હોય.

**શાળાની પરિવહન વ્યવસ્થાઓનું રદ્દીકરણ**

જો રોડની સ્થિતિ બસ અને ટેક્ષી સેવા માટે અસલામત હોય અથવા વિદ્યાર્થીઓ બસમાં ઘેર જવાના સમય સુધીમાં તે ખાસી રીતે બગડવાની આશંકા હોય તો અમે શાળાની પરિવહન સેવાને રદ કરી દેવાનું ચાલુ રાખીશું. બસના રદ્દીકરણનો મતલબ આપાત્કાળને લીધે શાળા બંધ કરી દેવાઇ હોય એવો થતો હોય એ જરૂરી નથી. જ્યાં સુધી એ મુજબ કહેવાયું ન હોય ત્યાં સુધી શાળાઓ ખુલ્લી રહેશે.

જો પરિવહન સવારે રદ કરી દેવાયું હોય, તો એ બપોર પછી પણ રદ હશે. જે વિદ્યાર્થીઓ સખત ઠંડીના હવામાનને કારણે શાળાએ હાજરી નહીં આપે તેમને ગેરહાજર ગણવામાં નહીં આવે, પરંતુ, અમે પરિવારોને જરૂર કહીએ છીએ કે જો એવા દિવસે તમારું સંતાન શાળાએ હાજરી ન આપવાનું હોય તો શાળાને જરૂર જણાવો. સખત ઠંડીવાળા હવામાનના દિવસો (inclement weather days) વિશે વધુ માહિતી માટે અમારી વેબસાઇટ www.yrdsb.caની મુલાકાત લેશો.

## શાળાની પરિવહન વ્યવસ્થાઓ અને શાળા બંધ રહેવા અંગે સંચાર વ્યવસ્થા

શાળાનું પરિવહન અને શાળા બંધ રહેવા અંગેના નિર્ણયો શક્ય એટલા વહેલા અને સવારના ૬ વાગ્યા પહેલા લેવામાં આવશે. શાળાનું પરિવહન બંધ છે કે કેમ અથવા શાળા બંધ રહેવા અંગે જાણવા કૃપા કરીને ચકાસો:

- Student Transportation Services વેબસાઇટ: www.schoolbuscity.com
- વિદ્યાર્થી વાહનવ્યવહાર હૉટલાઇન: 1-877-330-3001
- બોર્ડની વેબસાઇટ અને શાળાની વેબસાઇટ્સ
- @YRDSB Twitter એકાઉન્ટ
- રેડિયો અને ટીવી મીડિયાનાં સંસાધનો

અમે જ્યારે શાળા અને બોર્ડની ઓફિસો બંધ રાખવાનું કદાચ વિચારીશું, ત્યારે પરિવારોને અગાઉથી જાણ કરવાના શ્રેષ્ઠ પ્રયત્નો કરીશું. અમારી પ્રાથમિકતા અમારા વિદ્યાર્થીઓ, કર્મચારીગણ અને પરિવારોની સલામતી જ રહે છે. તમારે કોઇ સવાલો હોય તો મહેરબાની કરીને તમારી શાળાના આચાર્ય સાથે વાત કરશો.



Louise Sirisko
ડાયરેક્ટર, એજ્યૂકેશન
York Region District School Board